# આનંદાલય

વિદ્યા સર્વાર્થ સાધિકા

## અર્ધવાર્ષિક મૂલ્યાંકન કસોટી

## ધોરણ – ૮

વિષય : ગુજરાતી | કુલ ગુણ: ૨૦

તા: ૩૦.૦૯.૨૦૨૩ | સમય: ૧ કલાક

નામ ________________________________ ધોરણ: _________ ક્રમાંક : _________

**પ્રશ્ન:૧ નીચે આપેલા પ્રશ્નોના જવાબ બે ત્રણ વાક્યમાં લખો .** **૧×૪=૪**

૧ અકબર બાદશાહ બીરબલ પર કેમ ગુસ્સે થયા ?

૨ ‘જય જય ગરવી ગુજરાત’કાવ્યમાં કોની જય જયકાર બોલાવવામાં આવી છે ?

3 ટીમમાં રમવા માટે બાળકે કહ્યું ત્યારે તેના કોચે તેને શું કહ્યું ?

૪ ભરવાડ અને રબારી જાતિના લોકો 'તરણેતરના મેળામાં ' કેમ આવે છે ?

| |
|---|
| |
| |
| |
| |
| |
| |

**પ્રશ્ન:૨ નિર્દેશ પ્રમાણે લખો**

**(અ) નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દ લખો .** **૧×૪=૪**

| | | |
|---|---|---|
| ૧ | બાદશાહ | |
| ૨ | પોશાક | |
| ૩ | પ્રભાત | |
| ૪ | વિશ્વ | |

**(બ) નીચે આપેલા શબ્દોના વિરોધી શબ્દ લખો.** **૧×૪=૪**

| | | |
|---|---|---|
| ૧ | દિવસ | |
| ૨ | નિયમિત | |
| ૩ | સફળતા | |
| ૪ | શહેર | |

**પ્રશ્ન:૩ (અ) નીચે આપેલી ખાલી જગ્યા પૂરો .** **૧×૨=૨**

૧ બીરબલ ખાઈખાઈને ______________ થઇ ગયો હતો.

૨ કોચે તેને આ રીતે ______________ કરતો કદી જોયો નહોતો .

**(બ) નીચેના વાક્યો ખરા છે કે ખોટા તે જણાવો .** **૧×૨=૨**

૧ કવિઓ ગુજરાતની યશગાથા રજત અક્ષરે લખશે. ☐

૨ દલપત , નાનાલાલ તથા દયારામના મધુર કાવ્યો ભૂલાશે નહિ . ☐

**પ્રશ્ન:૪ નીચે આપેલ વાર્તાને આધારે પ્રશ્નોનાં જવાબ લખો.** **૧×૪=૪**

સલિલ સરોવરમાં એક ડિંકું દેડકો રહેતો હતો.તે સદાય ગીતો ગાતો અને ખુશ રહેતો હતો. તેણે કે મિત્રની શોધ હતી. એક દિવસ તે સરોવરને કિનારે મજાથી સુંદર ગીત ગાઈ રહ્યો હતો . એ સમયે કિનારે આવેલા મોટા વડના ઝાડ નીચે તેણે પિંકું ઉંદરને જોયો. ડિંકું દેડકો તો ઉંદરને જોઈને દુ:ખી થઈ ગયો . દેડકાને દુ:ખી જોઈને ઉંદરે તેની પાસે ગયો અને બોલ્યો , " શું વાત છે ? તમે ખૂબ દુ:ખી લાગી રહ્યા છો." ડિંકું દેડકો બોલ્યો , "મારે કોઈ એવો મિત્ર નથી જેને હું મારી બધી વાત કહી શકું . મારું સુખ-દુ:ખ જણાવી શકું" આ સાંભળતાં જ ઉંદર હસતાં- હસતાં બોલ્યો , " આજથી આપણે મિત્રો બનીએ? હું તારી સાથે હંમેશા રહીશ ."

ત્યારબાદ ડિંકું દેડકો અને પિંકું ઉંદર ખાસ મિત્રો બની ગયા.તેઓ રોજ એકબીજાને મળવા લાગ્યા અને લાંબા સમય સુધી સાથે બેસીને વાતો કરવા લાગ્યા. ડિંકું દેડકો સરોવરમાંથી બહાર નીકળીને પિંકું ઉંદરના દરમાં જાય . ક્યારેક બંને તળાવની બહાર બેસીને ખૂબ વાતો કરતા . બેઉ મિત્રો તેમના મનની વાત એકબીજાને કહેતા .

એક વાર ડિંકું દેડકાના મનમાં થયું હું તો હંમેશા પિંકુના દરમાં તેની સાથે વાત કરવા જાઉં છું પણ પિંકુ ઉંદર ક્યારેય મારા ઘરે પાણીમાં નહીં આવતો . આમ વિચારતાં ડિંકું દેડકાના મનમાં એક ઉપાય આવ્યો. ચતુર દેડકો ઉંદર પાસે જઈને કહેવા લાગ્યો ' " મિત્ર આપની દોસ્તી ખૂબ પાક્કી થઈ ગઈ છે . હવે આપણે કઈક કરવું જોઈએ જેથી આપણને એકબીજાની યાદ આવે કે તરત જ આપણને ખબર પડી જાય.

ભોળા પિંકું ઉંદરને કઈ સમજ ન પડી એટલે એ બોલ્યો, " હા પણ આપણે શું કરીશું ?" દુષ્ટ દેડકો તરત જ બોલ્યો , " તમારો પૂંછડી અને મારો પગ દોરી વડે બાંધવામાં આવે તો જ્યારે આપણને એકબીજાની યાદ આવે આપણે દોરી ખેચીશું." ઉંદરને દેડકાની ચાલનો ખ્યાલ ન હતો તરત ભોળો ઉંદર તરત જ સહમત થઈ ગયો. દેડકાએ ઝડપથી તેના પગ અને ઉંદરની પૂંછડી બાંધી દીધી અને દેડકો પાણીમાં કૂદી પડ્યો. તે ખૂબ ખુશ હતો કેમકે તેની ચાલાકી કામ કરી ગઈ હતી . પણ જમીન પર રહેતા ઉંદરની હાલત વધારે ખરાબ થઈ . તે પાણીમાં ડૂબવા લાગ્યો અને થોડી વારમાં એ મૃત્યુ પામ્યો .

એક બાજ પક્ષી ઊંચા આકાશમાંથી આ જોઈને નીચે આવ્યું . ઉંદરને પોતાની ચાંચમાં પકડીને ઊંચે ઉડવા લાગ્યું . તેની સાથે દેડકો પણ ઉડવા લાગ્યો . પહેલા દેડકાને સમજાયું નહીં કે શું થઈ રહ્યું છે . તે વિચારવા લાગ્યો કે તે આકાશમાં કેવી રીતે ઉડે છે. જેવુ તેણે ઉપર જોયું બાજ પક્ષીને જોઈને તે ભયભીત થઈ ગયો . તે ભગવાન પાસે પોતાના જીવનની ભીખ માંગવા લાગ્યો પણ બાજ પક્ષી ઉંદર અને દેડકાને ખાઈ ગયું

૧ પિંકું ઉંદરને જોઈને ડિંકું દેડકો શ માટે દુ:ખી થઈ ગયો ?

૨ ડિંકું અને પિંકું ખાસ મિત્રો બની ગયા પછી શું કરતાં હતા ?

૩ દેડકાએ દોરી ક્યાં બાંધી ?

૪ આ વાર્તા તમને શું શીખ આપે છે ?